आप सभी को ज्ञात होगा की कौन-कौनसे ग्रह एक-दुसरे के नैसर्गिक मित्र-सम-शत्रु है। नीचे दर्शाये गये नियमों द्वारा आप सरलता से समझ पाओगे की एक निर्दिष्ट ग्रह के कौन-कौनसे ग्रह नैसर्गिक मित्र-सम-शत्रु है। ३-६-८-११ स्थान निश्चित तौर पे अशुभ है।

मंगल (मेष-वृश्चिक)

आकाश दर्शन करोगे तो आप जानोगे की प्रत्येक ग्रह एक दुसरे से तय स्थानों पे स्थित है। नैसर्गिक शुभ ग्रह और पापग्रहों की जानकारी आपके पास है। सर्व प्रथम मेष लग्न, उसका स्वामी मंगल। यहाँ हम देखेंगे की बुध जो नैसर्गिक शुभ ग्रह है वह ३-६ स्थान का स्वामी है, वृश्चिक से गिनते हुए वह ८-११ स्थान का स्वामी बनता है। अब मिथुन-कन्या से (राशि स्वामी - बुध) सोचेंगे तो मिथुन से (मंगल) ६-११ स्थान का स्वममी बनता है और कन्या से गिनते हुए मंगल ३-८ स्थान का स्वामी बनता है। इन दोनों ग्रहों में ३-६-८-११ वा स्थान दोनो ग्रहों को असर करता है। अत: मंगल-बुध शत्रु है।

मेष से चंद्र (कर्क राशि) ४ थे स्थान का स्वानी और वृश्चिक से ९ वे स्थान का स्वामी, कर्क से मंगल ५-१० वे स्थान का स्वामी जो शुभ है अत: चंद्र-मंगल मित्र है।

मेष से सूर्य (सिंह राशि) ५ वे स्थान का स्वामी और वृश्चिक से १० वे स्थान का स्वामी, सिंह राशि से मंगल ४-९ स्थान का स्वामी जो शुभ स्थान है अत: मंगल-सूर्य मित्र है।

मेष से शुक्र २-७ स्थान का स्वामी, वृश्चिक से ७-१२ स्थान का स्वामी, वृषभ से मंगल ७-१२ स्थान का स्वामी और तुला से २-७ स्थान का स्वामी उससे हम यह कह सकते है कि मंगल-शुक्र मित्र है नहीं की सम।

मेष से गुरु ९-१२ स्थान का स्वामी, वृश्चिक से २-९ स्थान का स्वामी, मीन से मंगल २-९ स्थान का स्वामी और धनु से ५-१२ स्थान का स्वामी बनता है अत: मंगल-गुरु मित्र है।

मेष से शनि १०-११ स्थान का स्वामी, वृश्चिक से ३-४ स्थान का स्वामी, मकर से मंगल ४-११ स्थान का स्वानी और कुंभ से ३-१० स्थान का स्वामी यहाँ ३-११ स्थान की प्रबलता दोनो ग्रहों पर है अत: मंगल-शनि में शत्रुता अधिक है नहीं की दोनों ग्रह सम है।

मंगल के मित्र - शुक्र, चंद्र, सूर्य, गुरु, केतू

मंगल के शत्रु - बुध, शनि, राहु

इस प्रकार से बाकी सभी ग्रहों का विचार करोगे तो आपको ज्ञात होगा की ग्रहों की मित्रता-शत्रुता-सम यह ३-६-८-११ स्थानोसे ही तय होती हैं।

॥ हरि ॐ ॥

# ઘરનું ઘર અને જ્યોતિષ

ભાગ્યમાં પોતાનું ઘર થશે કે નહી થાય ? તેની ચર્ચા જન્મ કુંડળી, નવમાંશ કુંડળી અને ષોડશાંશ કુંડળી દ્વારા કરી શકાય. વિષયના સમર્થનમાં જે વિદ્યાર્થી વર્ગને જરૂર ગમશે.

રોટી, કપડા અને મકાન દરેક વ્યક્તિની અનિવાર્ય જરૂરિયાતો છે. ઘર એ માનવનો અંતિમ વિસામો છે. કહેવામાં આવે છે કે, ''ધરતીનો છેડો ઘર''. દુનિયામાં આપણે ગમે ત્યાં જઈએ આપણું ઘર આપણને સતત યાદ આવે છે. દુનિયામાં દરેક વ્યક્તિ ઘરના ઘરને ઝંખતો હોય છે અને પોતાનાં ભાગ્યમાં ઘરના સુખનું સુખ છે કે કેમ તે પ્રશ્ન તેને સતત મુંઝવતો હોય છે. આ પ્રશ્નનો ઉત્તર જ્યોતિષની દ્રષ્ટિએ મેળવવાનો પ્રયત્ન આ લેખમાં કરવામાં આવ્યો છે.

ચતુર્થ સ્થાન સ્થાવર મિલ્કતનું સ્થાન હોઈ તેને ઘરના ઘર સાથે સીધો સંબંધ છે. ઘરના ઘર માટે સર્વ પ્રથમ ચતુર્થ ભાવનો વિચાર કરવો. ચતુર્થ સ્થાને કંઈ રાશી છે ? ચતુર્થ સ્થાને સ્થિત ગ્રહ શુભ કે અશુભ ? બળવાન છે કે નિર્બળ ? ચતુર્થ સ્થાને દ્રષ્ટિ કરનાર ગ્રહ શુભ છે કે અશુભ ? બળવાન છે કે નિર્બળ ? તેનો વિચાર કરવો. ચતુર્થેશ બળવાન છે કે નિર્બળ ? ચતુર્થેશ ક્યાં સ્થાને છે ? કંઈ રાશીમાં છે ?ચતુર્થેશ પર કોની દ્રષ્ટિ છે ? તે જોવું. ચતુર્થ સ્થાનમાં મિલ્કતના કારક ગ્રહને તપાસવો, મંગળ મિલ્કતનો કારક છે. તેથી તેનો વિશેષ વિચાર કરવો. મંગળ ભુમિપુત્ર છે. તેથી તેને જમીન સાથે ઘણા સંબંધ છે. શનીને પણ જમીન સાથે સંબંધ છે. તેથી શનીને પણ તપાસવો. સુખ સગવડતાવાળા ભવ્ય મકાન માટે શુક્રનું બળવાન હોવું જરૂરી છે. ઘરમાં સુખ શાંતી માટે ચંદ્રનું બળવાન હોવું જરૂરી છે. ચંદ્ર બળવાન ન હોય તો ઘરનું ઘર હોય પણ ઘરમાં શાંતિ ન હોય. ટુંકમાં ચતુર્થ સ્થાન, ચતુર્થેશ અને કારક ગ્રહો મંગળ, શની, શુક્ર, ચંદ્રનું અધ્યયન કરવું.

કોઈ પણ કુંડળીનું બળવાન નવમાંશ કુંડળીથી નક્કી થાય છે. તેથી જન્મ કુંડળીનો ચતુર્થેશ અને ચતુર્થ સ્થાન સાથે સંબંધીત ગ્રહ તેમજ ચતુર્થ સ્થાનનો કારક ગ્રહ, નવમાંશ કુંડળી કેવા બળવાન છે ? ક્યાં સ્થાને છે ? તે તપાસવું અનિવાર્ય છે.

સ્થાવર મિલકત માટે ષોડશાંશ કુંડળી અત્યંત મહત્વની કુંડળી છે. ષોડશાંશ કુંડળીને તપાસ્યા વગર પ્રોપર્ટીના કોઈપણ નિષ્કર્ષ પર ન આવી શકાય. ષોડશાંશ કુંડળીના લગ્નેશને તપાસવો. જન્મ કુંડળીના ચતુર્થેશ અને પ્રોપર્ટીના કારક ગ્રહની ષોડશાંશ કુંડળીમાં શું સ્થિતિ છે તે જોવું જરૂરી છે.

આમ લગ્ન કુંડળી, નવમાંશ કુંડળી અને ષોડશાંશ કુંડળીનાં અભ્યાસ બાદ જ ઘરનાં ઘર કે સ્થાવર મિલકત અંગેનો નિર્ણય થઈ શકે. આ ત્રણે કુંડળીઓમાં ચતુર્થ સ્થાન - ચતુર્થેશ અને કારક ગ્રહો બળવાન હોય તેના નામે માલિકીની જગ્યા અથવા મકાન લેવું જોઈએ.

॥ હરિ ૐ ॥

- નિતીન ભટ્ટ

# अष्टकवर्ग पद्धतिनुसार भविष्यकथन

अष्टकवर्ग पद्धति यह अब सर्वमान्य हो रही है और पिछले ५० सालसे इस पद्धति को प्रचलित करने के लिये जिन महापुरुषोने प्रयत्न किया वह सभी विद्वानों को धन्यवाद। इस पद्धति की उपयुक्तता समज गये तो नित्य उपयोगमें ले सकते है इतनी सहज-सुलभ है।

दक्षिण भारतीय ज्योतिर्विद अष्टकवर्ग कुंडली के बीना भविष्य कथन नही करते। उत्तर भारतीय महाज्योतिर्विद भी अधिकतर इस पद्धतीका निर्णायक भविष्य कथन के लिये उपयोग करते हैं।

ज्योतिषशास्त्राधार से भविष्य कथन करते वक्त गोचर ग्रहों का विचार करके निष्कर्ष निकालते है। उदा. शनि जन्म राशि से ३-६-११ शुभ माना जाता है और गुरु २-५-९-११ वा शुभ समझा जाता हैं। यानी के राशिगोचर का विचार किया जाता हैं। राशिगोचर का अर्थ जन्म चंद्र राशि से आजका गोचर ग्रह के शुभाशुभ का विचार करते है। वस्तुस्थिती ऐसी है की अपना दैव जन्मस्थ चंद्रपेही अवलंबित नहीं। जन्म लग्न बिंदु और जन्म समय के प्रत्येक ग्रह भी चंद्र राशि जितने ही संवेदनशील हैं।

जन्म लग्न, रवि राशि, चंद्र राशि, मंगल राशि, गुरु राशि, शुक्र राशि व शनि राशि का विचार करना भी आवश्यक हैं। राहु-केतू भावेश ना होने से उसका विचार नहीं करेंगे तो भी चलेगा।

प्रत्येक जन्मस्थ ग्रह को आजका गोचर शनि कितना और कैसे शुभ है यह जानना आपको अच्छा लगेगा। इतनाही हरेक ग्रह का गोचर भ्रमण कैसा है यह समझानेवाली यह पद्धति आपको सीखने व समझनेमें मजा आयेगा।

अष्टकवर्ग पद्धति याने आपकी कुंडली के ३३७ शुभबिंदुओं का खेल। यह दैव बिंदु बारह भावों में बीखरे हुये होते है। प्रत्येक भाव में २८ बिंदु याने २८ x १२ = ३३६ बिंदु। उतने ही अशुभ बिंदु मिला के ६७२ शुभाशुभ बिंदुओं का विचार करते है। यानी प्रत्येक भाव में ५६ नें से कितने बिंदु-रेखा प्राप्त हुए है वह ज्ञात करना हैं।

यानी की एक भाव में ज्यादा से ज्यादा ५६ बिंदु होते है। २८ शुभ व २८ अशुभ बिंदु होने से भाव संतुलीत होता है। कभी कभी २८ से अधिक ३५/४० बिंदु एकाद भाव में हो तो अशुभ रेखा २१/१६ से कम होने से वह भाव बलवान माना जायेगा। इसके विपरीत बिंदु १६ हो तो वहाँ अशुभ रेखा ४० होगी तो यह भाव कमजोर माना जायेगा।

अब साडेसाती का विचार करते है. तो दुःखदायक व दुःखों का कारक ग्रह शनि का विचार करना आवश्यक है।

सर्वाष्टक वर्ग की कुंडली से कौन से भाव में कितने शुभ बिंदु है वह जान सकते है। चंद्र राशि से द्वितीय स्थान एवं द्वादश स्थान में कितने शुभ बिंदु है इसका विचार करके साडेसाती कष्टदायक है या नही यह जान सकते हैं। चंद्र राशि से द्वादश स्थानमें २८ से अधिक गुण है तो २½ साल शनिदेव से पीडा नही होगी, उसी प्रकार चंद्र राशि व द्वितीय स्थान में भी २८ से अधिक शुभ बिंदु होंगे तो वह २½ - २½ साल भी कष्टदायक नही होगा। परंतु इन स्थानों में २८ से कम गुण होंगे तो साडेसाती की तीव्रता समजमें आयेगी, कष्टप्रद होगी। साढेसाती ना होते हुए भी बहोत परेशानियाँ झेलनी पडती है तब गोचर शनि जो राशि में है वहाँ बहोत कम शुभ बिंदु होंगे।

अपनी कुंडली से इस पद्धति का उपयोग कैसे करना है वह समझ लेते हैं। सर्व प्रथम प्रत्येक ग्रह का भिन्नाष्टक वर्ग तैयार करें। रवि प्रत्येक राशि में १ महिना रहता है। यह रवि शुभ है या अशुभ यह जानना हो तो जिस राशि में रवि अष्टकवर्ग में ४ से ज्यादा गुण है वो ही महिना शुभकार्य के लिए पसंद करें, और जिस भाव में या राशि मे ४ से कम गुण है तो उस राशि में रवि का गोचर भ्रमण हो तो उस महिने मे महत्व के कार्य, सरकारी कार्य, कोर्ट कचहरी के काम ना करें।

दो - सव्वा दो दिन में चंद्र राशि बदलता है। जिस राशि या भाव में चंद्र को ४ से अधिक बिंदु प्राप्त है, वह दिन मानसिक बल और आनंदमय होगा और ४ से कम बिंदु वाली राशि में चंद्र का गोचर भ्रमण मानसिक क्लेष और दुःख सुचित करता है।

मंगल साधारणतः ४० दिन एक राशि में भ्रमण करता हैं। उसका ४ या ४ से अधिक शुभ बिंदुवाले भाव से होनेवाला गोचर भ्रमण साहस प्रदान करनेवाला होगा और कम गुण युक्त मंगल लग्न या लग्नेश से भ्रमण करता होगा तो अपघात, शस्त्रक्रिया की शक्यता दर्शाता है। अग्नि भय भी देता हैं।

बुध का गोचर भ्रमण नौकरी, व्यवसाय में आर्थिक चढाव-उतार सूचित करता हैं। अधिक गुण युक्त बुध का भ्रमण मालामाल करता है। कम गुणयुक्त बुध गोचर भ्रमण बैंक से लोन दिलवाने में सहायक होता हैं।

गुरु का गोचर भ्रमण प्रत्येक राशि में १ साल रहता हैं। गुरु ४ गुण से कम हो तो शुभलाभ प्राप्त होते-होते रह जाता हैं, मंगल कार्य में विघ्न आते हैं। ४ से अधिक गुण युक्त गुरु घर का आनंद एवं मांगल्य दुगना कर सकता हैं।

आनंद-प्रमाद करवानेवाला शुक्र मौजमजा कब कर सकते है वह सूचित करता हैं। कम गुण युक्त शुक्र का गोचर भ्रमण रंग मे भंग करनेवाला होता हैं।

शनि का गोचर भ्रमण यह कालकी भूमिका स्पष्ट करनेवाला होता हैं। २½ - २½ साल का लंबा समय रुलानेवाला है के अच्छा बितनेवाला है वह सर्वाष्टक वर्ग के सभी ग्रहों के शुभबिंदु संख्यासे ज्ञात होता हैं। २८ से अधिक गुण है तो २½ साल का हिस्सा सुसह्य होगा. २० से २८ के बिचमें शुभबिंदु होनेवाली राशिसे शनि का गोचर भ्रमण यह हाल बेहाल, अपार कष्ट, दुःख, मानहानी, अपयश सूचित करता हैं। जिस भाव में या राशि में ३५ से ४० शुभ बिंदु हो तो उस राशि से शनि का गोचर भ्रमण यह जीवनमें उत्कर्ष का परमोच्च बिंदु देनेवाला होता हैं।

इस अष्टक वर्ग पद्धति का आप विविध प्रकार से उपयोग कर सकते हैं।

रवि १२ राशियों से भ्रमण करते हुए ४८ शुभ बिंदु देता है, चंद्र ४९, मंगल-शनि ३९, गुरु ५६, बुध ५४ और शुक्र ५२ शुभ बिंदु प्रदान करता हैं।

शुभ बिंदु का दान देनेवाले यह ग्रह टोटल ३३७ शुभबिंदु प्रत्येक कुंडली में देता है पर वह कहाँ और कितने है, वह अष्टकवर्ग पद्धति से ही समझा जाना हैं।

॥ हरि ॐ ॥

- प्रदिप पी. जोषी

# કર્મેશ આઠમાં સ્થાને, કયા વ્યવસાય થી લાભ

જન્મ લગ્ન જીવનનું આગમન છે તો આઠમો ભાવ જીવનનું અંત છે. જીવનમાં ઉદયથી કર્મ આપણી સાથે જોડાયેલું છે. આજના સમયમાં કર્મ અને કાર્ય ક્ષેત્ર. લગભગ રોજી રોટી સાથે જોડાઈ ગયા છે. આજે આપણે કર્મસ્થાન (કુંડળીનો દસમો ભાવ) જે આપણા રોજગાર કાર્યક્ષેત્ર સંબંધિત છે. તેનો માલિક આઠમાં સ્થાનમાં હોય તો કયો વ્યવસાય કે સર્વિસથી લાભ આપે છે તે બાબતની ચર્ચા કરીશું.

**૧) મેષ જન્મ લગ્ન**

કર્મ સ્થાનનો માલિક શનિ છે. વૃશ્ચિક રાશિમાં આઠમે શનિ હોય તો કર્મેશ આઠમે બેઠો છે તેમ સમજવું. મેષ લગ્નમાં શનિ મારકેશ પણ છે. જાતકે ખુબજ ધ્યાન રાખીને વ્યવસાય કરવો જોઈએ. જૂની વસ્તૂનું વેચાણ, જૂના બાંધકામનું રીનોવેશન, ધાર્મિક સંસ્થાઓમાં કોન્ટ્રાકટ લેવો, ઘર, દુકાન, ઓફીસ લેવા, ભાડે આપવા (બ્રોકરેજ), જૂના ઈલેક્ટ્રોનીક આઈટમ લેવા-વેચવાનો વ્યવસાય કે નોકરીથી લાભ થાય.

**૨) વૃષભ લગ્ન**

આ લગ્નમાં કર્મ અને ભાગ્ય સ્થાનનો માલિક શનિ યોગ કારક બને છે. શનિ આઠમાં સ્થાને હોય તો ઈલેક્ટ્રોનીક મીડીયા, સાઈકલ, સ્કુટર બનાવનાર તથા વેચનાર, શિક્ષણ ક્ષેત્રના સાધનો, ટ્રેનિંગ સેન્ટર, ઉપચાર કેન્દ્રના ક્ષેત્રથી લાભ આપે છે.

**૩) મિથુન લગ્ન**

આ લગ્નમાં કર્મ ભાવનો માલિક ગુરૂ બને છે. આઠમે મકર રાશિમાં નીચનો ગણાય. આયુર્વેદિક દવાઓ, આધ્યાત્મિક ક્ષેત્રના પુસ્તકોનું વેચાણ, ઉત્પાદન, ધાર્મિક પુજાની સામગ્રી, સલાહકાર ક્ષેત્ર, શૈક્ષણિક સંસ્થાન અને તેની સાથે જોડાયેલી બાબતો લાભ આપે છે.

**૪) કર્ક લગ્ન**

આ લગ્નનો કર્મ ભાવનો માલિક મંગળ છે. આઠમે કુંભ રાશિનો મંગળ. સિક્યુરીટી બિઝનેસ, હોસ્પિટલ, દવાખાના સંબંધિત વસ્તુઓનું વેચાણ, ઉત્પાદન, ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતી બાબતોથી લાભ આપે છે.

**૫) સિંહ લગ્ન**

આ જન્મ લગ્નમાં શુક્ર કર્મેશ છે અને આઠમાં ભાવે ઉચ્ચનો બને છે. આ જાતકોને ટુરિઝમ, ટ્રાવેલર્સ, હોટલ રેસ્ટોરન્ટ, રેડીમેડ ગાર્મેન્ટ, બ્યુટીક, મનોરંજન ક્ષેત્ર, પાર્ટી પ્લોટ, હોલ, ડેકોરેટર્સ ધંધાથી લાભ થાય.

**૬) કન્યા લગ્ન**

આ લગ્નમાં કર્મેશ બુધ આઠમાં ભાવે મેષ રાશિમાં હોય છે. આ જાતકો વીમા ક્ષેત્ર, ઈંશ્યોરન્સ સંબંધિત બાબતો, ઈન્કમ ટેક્ષ, સેલ્સટેક્ષનું ક્ષેત્ર, સ્ટેશનરી ટ્રેડીંગ ક્ષેત્ર, કન્ઝ્યુમર્સ પ્રોડક્ટ, કન્સલ્ટન્સીથી લાભ થાય. પાસપોર્ટ, વીઝા, વિદેશની બાબતો થી લાભ થાય.

**૭) તુલા લગ્ન**

આ લગ્નમાં દસમે કર્ક રાશિનો ચંદ્ર આઠમે ઉચ્ચનો થાય છે. કમિશન, ધાર્મિક સંગઠન સંસ્થા, બચત ક્ષેત્ર, બેંક, ક્રેડિટ સોસાયટી, લોન, ગ્રોસરી બિઝનેસ, કુરિયર સર્વિસ, પાર્સલ સપ્લાયર્સના ક્ષેત્રથી લાભ મળે.



marj201741.jpg

**૮) વૃશ્ચિક લગ્ન**

આ લગ્નમાં દશમેશ સૂર્ય આઠમાં સ્થાનમાં મિથુનનો સૂર્ય ઉર્જા ક્ષેત્ર, લાલ અનાજનો હોલસેલ વ્યાપાર, સ્ટોરેજ બિઝનેસ,ઓર્ગેનિક પ્રોડક્ટ, દવાઓના વેપારથી ધન પ્રાપ્તિ ઉપલબ્ધ થાય છે.

**૯) ધનુ લગ્ન**

આ લગ્નમાં દસમે કન્યા રાશિ આવે છે અને આઠમાં સ્થાને કર્ક રાશિનો બુધ નકારાત્મક રાશિમાં છે. આ જાતકોને નોકરી-ધંધામાં ઘણા ઉતાર-ચઢાવ આવે છે. તેમણે ધંધો શરૂ કરતાં પહેલા ખુબ જ વિચાર કરીને નિર્ણય કરવો. બેડશીટ, પીલો, હોલસેલ ચાદર, જૂના ધાર્મિક પુસ્તકો, પેન્સિલ, બોલપેન બનાવવી-વેચવી. મગજ-માનસિક રોગના દવાઓના વ્યવસાયથી લાભ થાય.

**૧૦) મકર રાશિ**

આ લગ્નમાં કર્મેશ તુલાનો શુક્ર આઠમે આવતા સિંહ રાશિનો થાય છે. આ રાશિમાં શુક્ર શત્રુક્ષેત્રી થાય છે. રમકડાની દુકાન, હોલસેલ વેપાર, ખાવાપીવાની પેક આઈટમોનું ટ્રેડીંગ - મેન્યુફેક્ચરીંગ, બ્યુટી પાર્લરના સાધનો થી લાભ થાય.

**૧૧) કુંભ લગ્ન**

આ લગ્નમાં દસમે વૃશ્ચિક રાશિ છે. તેનો સ્વામિ મંગળ આઠમે કન્યા રાશિમાં નકારાત્મક છે. કારખાનાં બાંધકામ તથા ઈન્ડસ્ટ્રીમાં કામદારોના કોન્ટ્રાક્ટ કરવા, હેલ્થ સર્વિસની કંપની બનાવવી, પેકેજીંગ બિઝનેસથી લાભ થાય.

**૧૨) મીન લગ્ન**

આ લગ્નમાં દસમે ધન રાશિ છે તેનો સ્વામિ ગુરૂ આઠમે તુલા રાશિમાં  છે. આયુર્વેદિક, હોમયોપેથીકની દવાઓ, ગેસ, એસિડીટી, જ્ઞાનતંતુઓની દવાઓનું પ્રોડક્શન કરવું-વેચવું, આધ્યાત્મિક, ધાર્મિક પૂજાપો મંદિર, આશ્રમ સંબંધિત વસ્તુઓનું વેચાણ કરવું, હોસ્પિટલમાં સેવા, વીમા ક્ષેત્રથી લાભ થાય.

કુંડળીમાં આઠમું સ્થાન અરિષ્ટ સ્થાન છે. આયુષ્યનું સ્થાન છે. જીવન રક્ષક બાબતે ઈન્સ્યુરન્સ લાઈફ પ્રોટેક્શન, લાઈફ પ્લાનિંગ, હેલ્થ, સિક્યોરીટી સાથે સંકળાયેલી બાબતો તેના કાર્યક્ષેત્ર લાભકર્તા બને છે.

કુંડળીમાં આઠમાં - દસમાં ભાવે કયાં નક્ષત્રો છે, કેટલી ડીગ્રીમાં છે તેની નવમાંશ કુંડળીમાં કેવી પોઝીશન છે, મહાદશા અંતરદશા કંઈ ચાલે છે એનો બારીક અભ્યાસ કરીને યોગ્ય નિર્ણય લેવાનો હોય છે.

॥ હરિ ૐ ॥




marj201742.jpg

# વૈવાહીક જીવન અને આપણો હાથ


દરેક વ્યક્તિના હાથમાં આપણને અલગ-અલગ પ્રકારની રેખાઓ જોવા મળે છે. જેમાં જીવન રેખા, મસ્તક રેખા, હૃદય રેખા, સૂર્ય રેખા, સ્વાસ્થ્ય રેખા, ભાગ્ય રેખા આ બધી રેખાની સાથે આપણા હાથમાં વિવાહ રેખા (મેરેજ લાઇન) પણ હોય છે. વિવાહ રેખા પરથી આપણું વૈવાહીક જીવન કેવું હશે, તે જોઈ શકાય છે. દરેક લગ્ન ઇચ્છુક વ્યક્તિને તેના લગ્ન ક્યારે થશે તે જાણવાની ઇચ્છા હોય છે.

લગ્ન એ જીવનની મોટી ઘટના કહી શકાય. ઘણાનાં પ્રેમ લગ્ન થાય છે. તો ઘણાના એરેંજ મેરેજ. ઘણાનું લગ્નજીવન ટુંક સમય પુરતું હોય છે અને ઘણા લાંબી મેરેજ લાઇફ ભોગવે છે. તો ઘણાનાં જીવનમાં પતિ અથવા પત્નિની માંદગીને લીધે જીવનમાં રતીસુખ અથવા સંતતી સુખથી વંચિત રહેવું પડે છે. ઉપરોક્ત ઘણી બાબતો આપણ હાથમાં રહેલી વિવાહ રેખા કહી જાય છે.


લગ્ન રેખા અથવા વિવાહ રેખા આપણા હાથની સૌથી નાની આંગળી જ્યાં પુરી થાય તે અને હૃદય રેખાની વચ્ચેના ભાગમાં હાથની બહારની બાજુથી અંદર તરફ આવતી રેખા જે બુધના પર્વત પર આવેલી છે. ઘણાના હાથમાં એકજ વિવાહ રેખા હોય છે. બેથી વધુ રેખા ગુપ્ત સંબંધનો નિર્દેશ કરે છે. આ રેખા હૃદય રેખાની જેટલી નજદીક હોય તો જાતકના વિવાહ જલ્દી થાય છે પરંતુ હૃદય રેખાથી દૂર હોય તેટલા વિવાહ મોડા થાય છે. બે હૃદય રેખા એટલે બે લગ્ન એવું સમજવાની જરૂર નથી પરંતુ તે વ્યક્તિના જીવનમાં વિજાતીય પાત્રનું મહત્વ પત્નિના જેટલું જ હશે. પછી તે માતા હોઈ શકે, ફ્રેન્ડ હોઈ શકે કે બહેન પણ હોઈ શકે.



૧) વિવાહ રેખા બુધના પર્વત પર દ્વિમુખવાળી થતી હોય તો તે લગ્ન જીવનમાં અડચણ અથવા સાથીથી જુદાઈ દર્શાવે છે. અથવા સંબંધ વિચ્છેદ દર્શાવે છે. જેમાં જાતકની ભુલ હોતી નથી પરંતુ સામા પક્ષ તરફથી કનડગત થાય છે.




૨) વિવાહ રેખા હૃદય રેખા તરફ ઢળતી હોય તો તે જાતકના વિધવા અથવા વિધુર થવાના યોગ હોય છે. જો ઢળાણ વધુ પડતું હોય તો તે જાતકના પતિ અથવા પત્નિ લાંબા (અંતિમ) સમય સુધી બીમાર રહે છે.




૩) સુખી વૈવાહિક જીવન - ઉપર ઉઠેલા બુધના પર્વત સાથે પૂર્ણ લંબાઈની વિવાહ રેખા, મણિબંધથી એક રેખા નિકળી શુક્ર શુક્ર પર્વત પર ઉંચે સુધી જતી હોય. ચંદ્ર પર્વત પરથી એક રેખા મસ્તક રેખાની સમાંતર જતી હોય, ગુરૂ પર્વત પર x ચોકડીનું ચિન્હ હોય શુક્ર પર્વત પર 'બે' સમાંતર રેખા હોય અને એક જ હાથમાં શુક્ર કંકણ હોય તો વૈવાહીક જીવન સુખી જાય.

એટલું ધ્યાનમાં રાખો કે આળસ એ આરામ નથી, કંજુસાઈ એ કરકસર નથી અને ઉડાઉપણું એ ઉદારતા નથી.


૪) **દુઃખી વૈવાહિક જીવન વિવાહ રેખા** - હાથમાં નીચેની તરફ વળી જતી હોય પણ દ્વિશાખી ન થતી હોય, આયુષ્ય રેખા તુટેલી હોય, હૃદય રેખા અને મસ્તક રેખાને એક પાતળી રેખા જોડતી હોય, મસ્તક રેખાને અને વિવાહ રેખાને એક એક રેખા કાપતી હોય અને શુક્રના પર્વત પર x નું ચિન્હ હોય તો લગ્ન જીવન દુઃખી જાય છે.




૫) **લગ્ન જીવનમાં છૂટા-છેડા** - ભાગ્ય રેખાની નજદીક સર્પાકાર બીજી ભાગ્ય રેખા, તુટેલી દ્વિમુખવાળી વિવાહ રેખા, તેને કાપતી બીજી રેખાઓ વિવાહ રેખાની શુરૂઆતમાં 'યવ'નું ચિન્હ, હૃદય રેખા અને મસ્તક રેખા વચ્ચે ભાગ્ય રેખા પર યવનું ચિન્હ જેનો અંત દ્વિશાખામાં થાય છે તે છૂટાછેડાની નિશાની છે.




૬) **પ્રેમ વિવાહ** એક કરતા વધારે વિવાહ રેખાઓ આયુષ્ય રેખાને સમાંતર મસ્તક રેખા પરંતુ તેને સ્પર્શતી ન હોવી જોઈએ, સાથે ગુરૂ પર્વત પર xનું ચિન્હ, આયુષ્ય રેખાને જોડીને શરૂ થતી મંગળ રેખા, શુક્ર પર્વત પર જાળીનું ચિન્હ, વિવાહ રેખાની શરૂઆતમાં યવનું ચિન્હ જાતકના પ્રેમવિવાહ બતાવે છે.



૭) **પુનર્વિવાહ** - ભાગ્ય રેખા તુટેલી હોય અને તેનો એક ફાંટો હૃદય રેખાને મળતો હોય, તેનો અંત ગુરૂ પર્વત તરફ જતો દેખાય, '૨' વિવાહ રેખા જે સ્પષ્ટ હોય, સમાંતર હોય, એક નાની રેખા ભાગ્ય રેખા પરથી નિકળી હૃદયરેખાને મળે અને શનિની આંગળી (મધ્યમા) જાડી જોવા મળે તો પુનર્વિવાહના યોગ થાય છે.



૮) **અવિવાહિત યોગ** - વિવાહ રેખા કનિષ્ઠીકા (બુધની આંગળી) તરફ ઉપરની તરફ જતી હોય. મંગળ રેખા આયુષ્ય રેખાથી દૂર હોય, કનિષ્ઠીકાના પ્રથમ પર્વ પર 'x' નું ચિન્હ અને સાથે નક્ષત્ર ચિન્હ '*' પણ હોય અને સ્વાસ્થ્ય રેખા વિવાહ રેખાને મળતી હોય તો જાતકને અવિવાહિત યોગ થાય છે, તેના લગ્ન થતા નથી.



અંતમાં લગ્ન જેવી નાજુક બાબતનું ફળ કથન બરાબર વિચારીને, સમજીને અને સામાવાળી વ્યક્તિને ખોટું ન લાગે તેવી રીતે કરવું નહી તો અર્થનો અનર્થ થવાની સંભાવના રહે છે.

॥ અસ્તુ ॥

- **જયેશ વાઘેલા**



marj201744.jpg

# ઉર્જાનો ગ્રહ મંગળ ખરેખર અમંગળકારી નથી

**પૌરાણિક વૃત્તાંત :**

અંધકાસુર અને શિવજીના યુદ્ધ દરમ્યાન શિવજીના મસ્તક પરથી પરસેવાનું એક ટીપું ધરતીપર પડયું. અંગાર સમાન લાલ રંગવાળા ભૂમિપુત્ર મંગળનો જન્મ થયો.

**મંગળ ગ્રહનું સ્વરૂપ તેમજ પ્રકૃતિ :**

અગ્નિદેવ જ ભૂમિના ગર્ભથી મંગળ રૂપની ઉત્પત્તિ થઈ. મંગળ પિત્ત પ્રધાન, ક્રૂર દ્દષ્ટિવાળા, સેનાપતિ ગ્રહ મનાય છે. પૃથ્વીનો સૌથી નજીકનો પડોશી ગ્રહ સૌર મંડળનો ૭ મો ગ્રહ, તેનો વ્યાસ ૬,૭૯૪ કિ.મી. - પૃથ્વીના વ્યાસથી લગભગ અડધો. તેને સેનાપતિ ગ્રહ પણ કહેવાય છે.

મંગળ એ મેષ અને વૃશ્ચિક રાશિનો સ્વામી. જાતક પરાક્રમી, સાહસી, સ્ફુર્તીલો, આત્મવિશ્વાસ, ધીરજ, દેશપ્રેમ, દ્દઢતા, આકર્ષક, સિદ્ધાંતવાદી, અડગ નિર્ણયવાળા.

**મંગળનો કુંડળીમાં પરિચય :**

લગ્ન કુંડળીમાં ૧૦ માં ભાવમાં મંગળને વિશિષ્ટ માન, સેના, પોલીસ, ડોકટરી અધ્યયન, તેમજ હથિયાર સંચાલન જેવા વિષયોમાં પ્રભાવ. ૧૨ રાશિઓમાં ભ્રમણ કરતાં ૧૮ મહિના લાગે છે.

મકર રાશિમાં ૨૮° ઉચ્ચ તથા કર્કમાં નીચનો કહેવાય છે. સૂર્ય, ચંદ્ર, ગુરૂ મિત્ર ગ્રહ અને તેમની યુતિ પણ શુભ મનાય છે. બુધ, રાહુ એના શત્રુ છે.

જેની કુંડળીમાં મંગળ શુભ સ્થિતિમાં હોય તો તે જાતક ઉચ્ચ સ્તરીય સાહસિક કાર્યો કરે છે. નીચનો કે પાપ ગ્રહ થી પ્રભાવિત હોય તો જાતક હિંસાત્મક કાર્યો કરી શકે એવી સંભાવના રહેલી છે. ચોથા ભાવે મંગળ અશુભ ગણાય છે.

**વિવાહમાં મંગળની વિશેષ ભૂમિકા :**

જાતકની જન્મ કુંડળીમાં ૧, ૪, ૭, ૮, ૧૨ મા ભાવમાં રહેલ મંગળ માંગલિક દોષ કુંડળી કહેવાય છે.

પરંતુ પ્રથમ સ્થાન મેષનો મંગળ, ૪થે સ્થાને વૃશ્ચિકનો મંગળ ૭મે મકર કે મીનનો મંગળ, ૮મે કર્કનો મંગળ તેમજ ૧૨મે ધન રાશિનો મંગળ દોષકારક નથી ગણાતો.

વરનો મંગળ પાઘડીએ સ્ત્રીનો મંગળ ઘાટડીએ ગણાય છે. જન્મ કુંડળીમાં ૭ માં સ્થાનમાં મંગળ કે શનિ જેવા પાપ ગ્રહ હોય તો લગ્નજીવન ખરાબે ચઢે છે. તેમજ મંગળ-રાહુ-કેતુ-શનિ જેવા પાપ ગ્રહ હોય તો કે દ્દષ્ટિ હોય તો જાતકના જીવનમાં વૈધવ્ય યોગ અથવા છૂટાછેડાના યોગ બને છે. મંગળ સાથે અન્ય પાપગ્રહ રહેલા હોય તો તેના જીવનસાથીને મંગળ દોષની અસર થાય છે. વાંક ગમે તેનો હોય પણ સઘળા દોષનો ટોપલો મંગળના માથે જ આવે છે. આમ મંગળના હાઉથી દરેક ડરે છે.

મંગળ પ્રધાન જાતકનો ભાગ્યોદય મોડો થાય છે. શારીરિક વ્યાધિ હોય - હૃદય વિકાર, રકત વિકાર, હોઠ વારંવાર ફાટવા - ખાસ કરીને નીચેનો હોઠ.

મંગળનો પ્રભાવ જાતકને ઉર્જાવાન બનાવે છે. સાથે વિભિન્ન ક્ષેત્રોમાં સફળતા પણ અપાવે છે. માંગલિક વ્યક્તિ જીવનમાં ક્યારે પણ અસફળ થતી નથી. પરંતુ ગોચરનો પાપકર્તરી યુકત મંગળ કે પછી દશા મહાદશા વશ અસફળતાનો સામનો કરવો પડે છે.

લગ્નમાં મંગળવાળી વ્યક્તિ શુક્ર, ચંદ્ર, ગુરૂવાળી વ્યક્તિ મળે તો લગ્નજીવન નિભાવી શકે.



marj201745.jpg

બીજા સ્થાને મંગળ રહેતા જાતક વધુ મહેનતે ધન મેળવશે પણ સ્પષ્ટ વકતા તેમજ કડવી વાણીથી કુટુંબમાં ઝઘડા કલહ સર્જે છે. બીજે મિથુન કે કન્યાનો મંગળ ઘાતક નથી ગણાતો.

૪ થા સ્થાને મંગળ હોય તો ભૂલે ચૂકે ચોથે મંગળ કે સૂર્યવાળી વ્યક્તિ જોડવી નહીં કારણ ક્રોધાગ્નિ વધુ પ્રજ્વલિત થશે.

૭ મે મંગળ વ્યક્તિ અસંતોષી, મતભેદ રહે, કોર્ટકેસમાં હાર, ભાગીદારીમાં ઉપાધી કરાવે, સ્ત્રીની કુંડળીમાં ૭ મે મંગળ-શનિ રહેતા ગર્ભાશયના રોગ, કસુવાવડ થાય. ૭ મે મંગળ દોષ ભારે મંગળ કહેવાય છે.

મંગળવાળી વ્યક્તિ સાથે સાતમે ચંદ્ર-શુક્ર-ગુરૂ વાળી વ્યક્તિ હોય તો સારૂં. બે ઘર બગડવાને બદલે એક જ ઘર બગડે.

૮ મું સ્થાન આયુષ્ય યોગનું છે. અને આ સાથે અન્ય પાપગ્રહ રહેતા ભારે મંગળ દોષ ગણાય છે.

૧૨મું સ્થાન મોક્ષનું સ્થાન - છુપા દુશ્મનો ઉભા કરે, વગર વિચાર્યું સાહસ કરે છે. નોકરીમાં પરાધીન થઈને જકડાઈ રહેવું પડે છે. જો પાપ ગ્રહની દ્દષ્ટિ હોય તો કોર્ટકેસ કે છૂટાછેડા પણ થઈ શકે છે.

**મંગળ દોષ ક્યારે દૂર થયેલો ગણાય ?**

- સૂર્ય સાથે મંગળ અસ્ત સ્થિતિમાં હોય ત્યારે દોષ ગણાતો નથી.
- મિથુન અને કન્યા રાશિમાં રહેલો મંગળ શત્રુ ક્ષેત્રી હોવાથી દોષકારક ગણાતો નથી.
- વક્રી મંગળ પણ દોષકારક નથી ગણાતો.
- મકરનો મંગળ ઉચ્ચનો હોવાથી તે દોષકારક નથી.
- મિત્ર ક્ષેત્રી અથવા ધનુ કે મીનનો મંગળ દોષમુક્ત છે.
- જન્મકુંડળીમાં બીજા કે બારમા સ્થાનમાં તુલા રાશિનો મંગળ દોષમુક્ત ગણાય છે.
- ઉપરોક્ત સ્થાનોમાં મંગળ એકલો હોય અને તેના ઉપર કોઈ પણ શુભ ગ્રહની દ્દષ્ટિ હોય (ચંદ્ર, બુધ, ગુરૂ કે શુક્ર) ત્યારે તે દોષકારક ન ગણાય.
- જન્મ કુંડળીમાં પોતાની સ્વગ્રહી રાશિમાં (મેષ કે વૃશ્ચિક) રહેલો મંગળ દોષકારક નથી.
- મંગળ સિંહ રાશિમાં મિત્ર ક્ષેત્રી અને કુંભ રાશિમાં શત્રુક્ષેત્રી હોવાથી પણ મંગળ દોષ ન ગણાય.
- વૃષભ રાશિના મંગળની અને તુલાનો મંગળ જ્યારે ૭ મા કે ૮ માં સ્થાનમાં હોય ત્યારે દોષકારક ગણાય તેમાં પણ તે મંગળ શુભ કર્તરિ યોગમાં કે શુભ ગ્રહોથી દ્દષ્ટ હોય કે યુક્ત હોય તો મંગળદોષના હાઉ થી ગભરાવાની જરૂર નથી.

આશા છે મંગળ દોષના આટલા કારણો અને નિરાકરણ આ ભયમાંથી સૌને મુક્ત રાખે.

હંમેશા લાલ રૂમાલ સાથે રાખવો. ડાબા હાથમાં ચાંદીની વીંટી પહેરવી, કન્યાઓનું પૂજન કરવું, સોનું ન પહેરવું.

મીઠી રોટલી કૂતરાને ખવડાવવી.

તેમજ ઘરમાં દૂધ ક્યારે પણ ઉભરાય નહી તેનું ધ્યાન રાખવું.

॥ હરિ ૐ ॥

**- શ્રીમતી પ્રમિલા પંચાલ**



marj201746.jpg

# દશા - ફળ વિચાર

જન્મકુંડળી, નવમાંશ કુંડળી, વર્ગ કુંડળીઓ, જન્મ સમયના સ્પષ્ટ ગ્રહો અને ગોચર વગેરે દ્વારા કુંડળીમાં વિવિધ યોગો સર્જાતાં હોય છે. જેના આધારિત જ્યોતિષીઓ શુભાશુભ ફળકથન તૈયાર કરતાં હોય છે. મનમાં એ પ્રશ્ન ઉદ્ભવે કે, કથિત શુભ કે અશુભ ફળ મળવાનો કોઈ ચોક્કસ સમય ક્યો હશે ? પુરાણકાળથી આપણા ઋષિમુનિઓ તે માટે દશા પદ્ધતિને આધારભૂત માને છે. જે મહાદશાકાળ, અંતદશા કાળ એ પ્રમાણે ચોક્કસ સમય દર્શાવે છે. આ દશાના જુદા-જુદા પ્રકારોમાં વર્તમાનકાળમાં સૌથી વધુ પ્રચલિત અને સરળ એવી વિશોંતરી દશા પદ્ધતિમાં સૂર્યાદિ સાતેય ગ્રહો ઉપરાંત રાહુ અને કેતુ એ દરેક ગ્રહોની મહાદશાનો કુલ સમયગાળો ૧૨૦ વર્ષનો ગણવામાં આવ્યો છે. અર્થાત એ 'વિશોંત્તરી દશા' કહેવાય છે. આ દશા આપણા દેહ સાથે નહીં પરંતુ આત્મા સાથે જોડાયેલી છે. જન્મોજન્મ સુધી આ દશાક્રમ અવિરત ચાલ્યા કરે છે. એમ કહી શકાય કે, 'વિશોંત્તરી દશામાં જાતકના શ્વાસોશ્વાસને વર્ષોમાં રૂપાંતરિત કરવામાં આવ્યો છે.' ''કલૌ વિશોંત્તરી તસ્માદ દશા મુખ્ય દ્વિજોત્તમ'' - અર્થાત કળિયુગમાં વિશોંત્તરી દશાને જ મુખ્ય જાણવી એવો ઋષિમુનિઓનો એકમત છે.

જન્મ સમયના સ્પષ્ટ ચંદ્રને ધ્યાનમાં રાખીને કયા ગ્રહની દશા - અંતર્દશા કેટલા સમય માટે ભોગવવાની છે, તથા ત્યાર બાદ આવતી દશાઓનો ક્રમ અને સમયગાળો નક્કી થતો હોય છે. દરેક ગ્રહ તેના સ્વભાવ, અવસ્થા તથા કુંડળીમાં તેના સ્થાન, કારકત્વ પ્રમાણેના ફળની પ્રાપ્તિ કરાવે છે. ગ્રહના કુલ દશાકાળના મુખ્ય ત્રણ ભાગ થાય અને તદાનુસાર ફળ ભોગવવાના રહે. વિષમ રાશિમાં રહેલો ગ્રહ પહેલાં પોતે જ્યાં સ્થિત હોય તે ભાવનું, ત્યારબાદ પોતાની મૂળ △ રાશિનું અને છેલ્લે પોતાની સ્વગૃહી રાશિનું ફળ બક્ષે છે. જ્યારે સમ રાશિ સ્થિત ગ્રહ પહેલાં પોતે જ્યાં સ્થિત હોય તે ભાવનું, ત્યાર બાદ પોતાની સ્વગૃહી રાશિનું અને અંતમાં પોતાની મૂળ △ રાશિનું ફળ પ્રદાન કરે છે.

□ કેન્દ્ર સ્થાનોમાં સ્થિત શુભ ગ્રહ પોતાનું શુભત્વ ગુમાવે છે અને અશુભ ફળ પ્રાપ્તિ કરાવે છે. (અહીં લગ્નેશનો અપવાદ છે). □ દ્વિતીયેશ અને દ્વાદશેશ હંમેશા તટસ્થતા જાળવે છે. સૂર્ય કે ચંદ્ર હોય તો તેના બળ અનુસાર ફળ આપશે. જ્યારે અન્ય ગ્રહો પોતાની બીજી રાશિ અનુસાર ફળ આપશે. જેમ મેષ લગ્નમાં ગુરૂ ૧૨માં અને ૯ માં સ્થાનનો માલિક થતાં તે વ્યય સ્થાનમાં તટસ્થ અને ૯ માં સ્થાનનું શુભ ફળ આપશે. □ ત્રિકોણ સ્થાનના સ્વામી હંમેશા શુભત્વ જ બક્ષે છે. (ચાહે તે અશુભ/ક્રુર/પાપ ગ્રહ હોય તો પણ) □ ૩-૬-૧૧ ત્રિક્ સ્થાનાધિપતિ અશુભ ગણાય છે. અહીં એકાદશેશ આરોગ્ય - તંદુરસ્તી માટે પ્રતિકુળ હશે, પરંતુ આ લાભ સ્થાન પણ હોવાથી મિત્ર-આવક-લાભ માટે તે ગ્રહના બળ પ્રમાણે ફળ મળશે. □ અષ્ટમેશ પણ અશુભ ગણાય છે. પરંતુ બળવાન અષ્ટમેશ દિર્ઘાયુ આપે છે. અહીં પણ સૂર્ય-ચંદ્ર કે લગ્નેશને અષ્ટમેશનો દોષ લાગતો નથી. □ ૨ અને ૭ મારક સ્થાનના સ્વામી નિર્બળ બનતા હોય તો તેની દશા - અંતર્દશા દરમ્યાન શારીરિક હાનિ અથવા આયુષ્યના અંતિમ કાળમાં મૃત્યુનો સમય બની રહે છે. □ કેન્દ્રાધિપતિના દોષયુક્ત દ્વારા પ્રબળ અશુભ ફળ મળી શકે છે. □ કોઈ પણ ગ્રહ જે રાશિમાં હોય, તેના સ્વામીના સ્થાનમાં સ્થિત ગ્રહોના ગુણ પણ અપનાવે છે. જેમ કે - મીન લગ્નમાં લગ્નેશ ગુરૂ ૧૦ મે ધનુ રાશિમાં હોય અને તેની સાથે મંગળ પણ યુતિમાં હોય તો તે જાતકના વ્યક્તિત્વમાં ગુરુના ગુણો ઉપરાંત મંગળની ઉગ્રતા, ઉતાવળ, આવેશ, સાહસ જેવા ગુણો પણ જોવા મળશે. □ દરેક ગ્રહ પોતાની મૂળ △ રાશિનું ફળ સૌથી વધુ આપતો જોવાય છે. □ ટૂંકમાં દશાફળનો વિચાર કરતી વખતે આપણે જે ભાવ સંબંધી ફળ જોતાં હોઈએ તે ભાવ - ભાવેશ અને તેના કારકનો પણ અચૂક પણે અભ્યાસ કરવો જ જોઈએ.

દશા ફળની વધુ સરળ સમજણ માટે આપણે અહીં મેષ લગ્નના જાતકોના દશાફળની ચર્ચા કરીશું.

સૂર્ય નૈસર્ગિક ક્રુર ગ્રહ છે. પરંતુ અહીં પંચમ સ્થાને - ત્રિકોણ સ્થાનાધિપતિ બનતો હોવાથી શુભ ફળ આપશે. સૂર્યની દશા / અંતર્દશામાં પંચમ સ્થાન સંબંધી સંતાન પ્રાપ્તિ, સટ્ટો, લોટરીથી લાભ, ઉચ્ચ અભ્યાસમાં સફળતા મળશે. ઉપરાંત સૂર્યના કારકત્વમાં સમાતા રાજ્ય-લાભ, માન-સન્માન, યશ, સત્તા, પ્રાપ્તિ, પિતાથી લાભ પણ મળશે. અહીં પીડિત સૂર્ય આનાથી વિપરીત ફળ પ્રદાન કરશે.

ચંદ્ર નૈસર્ગિક શુભ ગ્રહ છે. પરંતુ ચોથે સ્થાને કેન્દ્રાધિપતિ દોષને કારણે શુભત્વ ખોઈ બેસે છે. જો આ ચંદ્ર પક્ષ બળ મેળવતો હશે તો ચતુર્થ ભાવ સંબંધિત માતા, ગૃહ, વાહન સંબંધી સુખ આપશે.

મંગળ અહીં લગ્નેશ અને અષ્ટમેશ છે. તેથી તેને અષ્ટમેશનો દોષ લાગતો નથી. વળી, મંગળની મૂળ △ રાશિ મેષ લગ્નમાં હોવાથી આ જાતકોને મંગળની દશા શુભ અનુભવાય છે.

બુધ ૩ જા અને છઠ્ઠા સ્થાન - બંને અશુભ સ્થાનોનો સ્વામી અશુભ ફળ આપશે. જન્મ કુંડળીમાં બુધ જેટલો  વધુ બળવાન તેટલું તેનું અશુભત્વ વધુ અને જેટલો વધુ નીર્બળ તેટલું તેની અશુભ ફળ આપવાની શક્તિ ઓછી.

ગુરૂ ૯ મા અને ૧૨ મા નો સ્વામી છે. ૧૨ મું સ્થાન તટસ્થ છે. ૯ મા સ્થાનની ધનુ રાશિ ગુરૂની મૂળ △ રાશિ પણ છે. ગુરૂની દશા - અંતર્દશા દરમ્યાન જાતક વધુ ધાર્મિક શ્રદ્ધાવાળો બને, ધાર્મિક યાત્રાઓ કરે કે દૈવી લાભ મેળવે છે. ગુરૂના કારકત્વમાં સમાતાં ધન, કુટુંબ, સંતાન, પૂર્વ-પૂણ્ય, ઉચ્ચ શિક્ષણ અને ધર્મનો લાભ પણ મેળવે છે.

શુક્ર અહીં બીજા અને સાતમાં સ્થાનનો સ્વામી છે. બીજું સ્થાન તટસ્થ છે. ૭ મું સ્થાન મારક છે અને સાથે સાથે શુક્રની મૂળ △ રાશિ તુલા હોવાથી આ સમય ગાળો અશુભ સાબિત થાય છે.

શનિ દસમાં સ્થાનમાં શુભ ફળ બને અગિયારમે અશુભ ફળ પ્રદાન કરનાર છે.

આ પ્રમાણે દરેક લગ્નમાં બધા જ ગ્રહોની દશા દરમ્યાન મળનારા ફળ વિશે કથન કરી શકાય.

આની સાથે સાથે જે ગ્રહની દશા ચાલતી હોય તે ગ્રહની અવસ્થાનો પણ વિચાર કરવાનો રહેશે. ગ્રહોની જુદી-જુદી અવસ્થામાં તેનું ફળ પણ જુદુ-જુદુ હોય છે.

★ ઉચ્ચનો કે મૂળ △ રાશિનો ગ્રહ પોતાની 'દિપ્ત' અવસ્થામાં હોય છે. આ ગ્રહની દશા ખૂબ જ ઉત્તમ પ્રકારની ગણવામાં આવે છે. ★ પોતાની સ્વગૃહી રાશિમાં રહેલો ગ્રહ 'સ્વસ્થ' અવસ્થાનો હોય છે. જેની દશા મનવાંછિત કાર્યોમાં સફળતા અપાવે અને અણધારી શુભ ઘટનાઓનું સર્જન કરે છે. ★ પોતાના પંચધા અધિમિત્રના સ્થાને રહેલો ગ્રહ 'મુદિત' અવસ્થાવાળો ગણાય છે. જે શારીરિક સુખાકારી બક્ષે અને પ્રગતિના સોપાન સર કરવામાં મદદરૂપ થાય છે. ★ મિત્ર રાશિ યુક્ત ગ્રહ 'શીત' અવસ્થાનો હોય છે. આ સમયમાં દરેક પ્રકારની અશાંતિઓ દૂર ભાગે છે અને શાંતિનો અનુભવ કરાવે છે. ★ ઉત્તમ પ્રકારનું રાશિબળ પ્રાપ્ત કરનાર ગ્રહ 'શક્ત' કહેવાય છે. જેની દશા ભાગ્યોદયકારક તથા વાદ-વિવાદ કોર્ટ-કચેરીમાં વિજય અપાવે છે. ★ પંચધામા સમ રાશિમાં રહેલો ગ્રહ 'હીન' હોય છે. જેમાં રોગ-બિમારી, માનહાનિ સહેવા પડે છે. ★ પીડિત - દુઃખી - ખલ કે વિકલ અવસ્થાયુક્ત ગ્રહ શત્રુ - પાપ ગ્રહ યુક્ત કે દૃષ્ટ કે કર્તરિ યોગમાં હોય છે. દશાના આ સમયગાળામાં મુસીબત, મૂંઝવણ, વિષાદ, શારીરિક કષ્ટ-વિકાર વગેરે પ્રતિકૂળતા તથા ઉપાધીઓ આવી પડતી હોય છે.



marj201748.jpg

★ રાહુ-કેતુ યુકત ગ્રહ 'લજ્જિત' ગણાય છે. જેમાં મૃત્યુતુલ્ય કષ્ટ, અસાધ્ય રોગ થાય ક્યારેક આત્મહત્યાના વિચારો પણ આવે. ★ ગુરૂ યુકત ગ્રહ હર્ષ અનુભવે છે, 'હર્ષિત' બને છે. આ દશા સદ્‌બુદ્ધિ, માન, યશ, અધિકાર, જ્ઞાન અને મિત્ર લાભ અપાવે છે. ★ જ્યારે સૂર્ય યુકત ગ્રહ 'ક્ષોભિત' થતો હોય છે. અહીં દરેક પ્રકારના ફળ મળવા માટે વિલંબ થતો જણાશે.

આ ઉપરાંત જન્મ સમયે હાજર દશા અને ત્યારબાદ ક્રમાનુસાર આવતી દશાઓ તારાચક્ર મુજબના ફળ આપતી હોય છે. એટલે પ્રથમ દશા જન્મ દશા, ત્યાર બાદ ક્રમશઃ સંપત, વિપત, ક્ષેમ, પ્રત્યરિ, સાધક, વધ, મિત્ર અને અધિમિત્ર... આ નામથી ઓળખાય છે. જેના નામ પ્રમાણે જ એ દશાકાળ દરમ્યાન મળનારા ફળના શુભાશુભનો ખ્યાલ મેળવી શકાય છે.

સાથે જ એ પણ ન ભૂલવું જોઈએ કે, મહાદશાનાથ દશાના ફળનો પ્રકાર નક્કી કરે છે. પરંતુ એ ફળ આપવાનો અધિકાર અંતર્દશાનાથના ક્ષેત્રમાં સમાય છે. આથી આ બંને વચ્ચેનો આપસમાં કેવો સંબંધ છે ? તથા બંનેનું પરસ્પર બળ કેવું છે ? તેમનો સ્વભાવ કેવો છે ? વગેરે બાબતો પણ એટલી જ અગત્યની છે.

॥ ગુરવે નમઃ ॥

॥ હરિ ૐ ॥

- સંકલન અને લેખન

**વર્ષા ધીરજ રાવલ**

## જ્યોતિષ શાસ્ત્ર

કુદરતની રહસ્યમય લીલાનાં દર્શન કરાવે છે જ્યોતિષશાસ્ત્ર,
ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળની જાણકારી આપે છે જ્યોતિષશાસ્ત્ર,
સંચિત કર્મ દ્વારા નિર્માણ થનારા ભાગ્યકાળની જાણકારી આપે છે જ્યોતિષશાસ્ત્ર,
મૂંઝવણભરી પરિસ્થિતિમાં સાચો પથદર્શક બને છે જ્યોતિષશાસ્ત્ર,
ગ્રહ, નક્ષત્ર, યોગ, દશા, પનોતિ સર્વેની માહિતી આપે છે જ્યોતિષશાસ્ત્ર,
પ્રાચીનકાળમાં મહાભારત તથા રામાયણના સમયે પણ લોકપ્રિય હતું જ્યોતિષશાસ્ત્ર,
ઋષિમુનિની દિવ્યદૃષ્ટિ તથા તપસ્યાથી પ્રાપ્ત થયું છે જ્યોતિષશાસ્ત્ર,
ભાવિમાં બનનારી ઘટનાની જાણકારી કરાવે છે જ્યોતિષશાસ્ત્ર,
વિજ્ઞાનની સીમા પૂરી થાય છે ત્યાંથી શરૂ થાય છે જ્યોતિષશાસ્ત્ર,
તેથી જ આજના યુગમાં પણ મહત્તમ સ્થાને છે જ્યોતિષશાસ્ત્ર,
નિરંજન જોશી તથા અશોકભાઈ જેવા ગુરૂ દ્વારા પ્રાપ્ત થયું છે જ્યોતિષશાસ્ત્ર,
જીવન સર્વેનું ધન્ય બન્યું પામી જ્યોતિષશાસ્ત્ર,
ઈશની જ્યોત દ્વારા પ્રકટ થયું છે જ્યોતિષશાસ્ત્ર.

**- રેખા રૂપારેલ**

# કુંડળીમાં મંગળ ગ્રહ વિચાર

જ્યોતિષ શાસ્ત્રમાં કુંડળીના ફળકથનમાં મંગળગ્રહનું એક આગવું મહત્વ છે. કાળપુરૂષની કુંડળી મેષ રાશિથી શરૂ થાય છે જેનો સ્વામી મંગળ છે જે કાળપુરૂષનો લગ્નેશ બને છે. આ ઉપરાંત મંગળ પોતાના સ્વભાવ, દ્રષ્ટિ અને તત્વ દ્વારા જાતકની કુંડળીમાં શુભાશુભ અસરો કરતો હોવાથી તે જાતકના જીવનમાં મોટી ઉથલપાથલ કરવા માટે સક્ષમ હોય છે. જાતકના વૈવાહિક જીવન પર પણ અસર કરતો હોવાથી ખાસ કરીને લગ્ન મેળાપકમાં મંગળ દોષ છે કે નહી તે જોવામાં આવે છે. અને જો મંગળ દોષ હોય તો તેને અનુરૂપ સામેના પાત્રની કુંડળી હોય તો જ લગ્ન / વિવાહ કરવાની સલાહ સૂચન આપવામાં આવે છે.

મંગળ મેષ અને વૃશ્ચિક રાશિઓનો સ્વામી છે જે મકરમાં ઉચ્ચનો અને કર્કમાં નીચનો, તેમજ મેષમાં મૂળ ત્રિકોણી બને છે.

મંગળ વૃષભમાં મૃગશીર્ષ નક્ષત્રનો સ્વામી, કન્યામાં ચિત્રા નક્ષત્રનો સ્વામી અને મકરમાં ધનિષ્ઠા નક્ષત્રનો સ્વામી બને છે.

કુંડળીનું ફળ કથન કરતી વખતે મંગળને કેવળ ક્રુર ગ્રહ ગણવામાં આવતો હોય છે. પરંતુ તેની શુભ અસરોને પણ જોવી જોઈએ જેની સાથે જાતકના જીવનનું સંઘર્ષ સંકળાયેલ છે. મંગળ જાતકને પરાક્રમી, નીડર, સાહસી, ઉત્સાહિત તેમજ કાર્યશીલ બનાવતો હોય છે.

મંગળનું તત્વ તેમજ સ્થાન અગ્નિ છે. જાતી ક્ષત્રિય, દક્ષિણ દિશાનો સ્વામી તેમજ સ્વભાવે ઉગ્ર છે. તે તમોગુણી અને તરૂણ વયનો હોવાથી મંગળ પ્રધાન જાતક લાંબુ વિચાર્યા વગરના ઉતાવળીયા નિર્ણયો લેતો હોય છે જેથી તેને પસતાવાનો વારો આવે છે. આવા જાતકો લાલસાઓનો ભોગ બનતા હોય છે.

શુભ મંગળ પિત્ત પ્રકૃતિવાળો, રાત્રિબલી, જીદ્દી, હઠીલો, બળવાન, લડાયક, સત્યવાદી, નિર્ભય, ચપળ, આક્રમક સ્વભાવ ધરાવતો હોય છે. જાતકની કુંડળીમાં શુભ મંગળ કે સૌમ્ય મંગળ જેના ઉપર ગુરૂ, ચંદ્રની દ્રષ્ટિ અથવા યુતિ હોય તો જાતક બળવાન, ધૈર્યવાન, સમાજ કલ્યાણ કરવાવાળો, સત્ય માટે લડી મરવાવાળો અને સ્વમાની હોય.

કુંડળીમાં અશુભ મંગળ (શનિ, રાહુ કે કેતુ સાથે યુતિ અથવા દ્રષ્ટિ કરતો હોય અથવા ૬, ૮ કે ૧૨ નો માલિક બનતો હોય) જાતકને કામી, ભોગવિલાસી, ઝઘડાળુ, જુઠ્ઠો, મારક, ઘાતકી, ક્રોધી તેમજ અભિમાની બનાવે છે. શસ્ત્રઘાત, પડવું, વાગવું, અકસ્માતની શક્યતા રહે.

કુંડળીમાં નિર્બળ મંગળ જે કેન્દ્ર ત્રિકોણનો માલિક થઈ ૬, ૮ કે ૧૨ મે બેસે અથવા જળ તત્વ (વૃશ્ચિક સિવાય)ની રાશિમાં બેસે ત્યારે જાતકને ડરપોક, આળસુ, તેમજ દુર્બળ અને રોગીષ્ટ બનાવે છે.

સૂર્ય-ચંદ્ર-ગુરૂ તેના મિત્રો, શનિ-રાહુ-કેતુ-શુક્ર સૌમ્ય પરંતુ બુધ તેનો શત્રુ છે. મંગળને ૪ થી, ૭ મી અને ૮ મી દ્રષ્ટિ છે જ્યાં મંગળની દ્રષ્ટિ પડે છે તે ભાવ સુખના ટુકડા કરે છે. તેમાં પણ શત્રુ દ્રષ્ટિ ખૂબ જ ખરાબ ફળ આપે છે. દા.ત. ૫ મા ભાવ પર દ્રષ્ટિ શિક્ષણ ક્ષેત્રે બ્રેક આપે છે. ૭માં ભાવ પર લગ્ન જીવનમાં ભંગાણ પાડે છે.

ખૂબસૂરતી હંમેશા જોનારના મનમાં અને એની નજરમાં હોય છે. નહિતર ભૂલ કાઢનારને તો તાજમહાલમાં પણ ખામી દેખાય છે.

marj201750.jpg

કુંડળીમાં મંગળ જો ૩ જે, ૬ ઠે કે ૧૧મે બેઠો હોય તો શ્રેષ્ઠ ફળ આપે છે. મંગળ ૩ જા, ૬ ઠા તેમજ ૪ થા ભાવનો કારક ગ્રહ છે.

કુંડળીનો ૩ જો ભાવ પરાક્રમ સ્થાન માનવામાં આવે છે જ્યાં મંગળ કારક બને છે. જે ભાઈભાંડુ સુખ તેમજ જાતકની આદત - વ્યસન પર પણ પ્રભાવ પાડે છે. ૩ જો ભાવ અચેતન મન તેમજ વિચારોનું ઉદ્‌ગમ સ્થાન પણ છે. અહીં બેઠેલ મંગળ જાતકને પરાક્રમી, સાહસી તેમજ કાર્યમાં તેજસ્વી અને ચપળ બનાવે છે.

કુંડળીમાં ૬ ઠા ભાવ પરથી મુખ્યત્વે રોગ, ઋણ (લોન), શત્રુતા અને શત્રુ પરનો વિજય જોવાય છે જેનો કારક ગ્રહ મંગળ છે. પોતાના પરાક્રમી અને લડાયક સ્વભાવને કારણે શત્રુ પર વિજય મેળવવાની ક્ષમતા ધરાવે છે. કુંડળીમાં જો મંગળ બળવાન હશે તો જાતક રોગ પર વિજય સરળતાથી મેળવી શકે છે. માંદગીમાંથી જલ્દી બહાર નીકળી શકે છે. શરીરમાં મંગળ લોહી, રક્તકણ, લોહ તત્વ - માંસ મજ્જાનો કારક છે તે લોહીનું ઉષ્ણ તાપમાન જાળવામાં મદદરૂપ થતો હોય છે. તેથી જો મંગળ નબળો હોય, દુષિત હોય તો લોહીની ઉણપ, ખામી, માથાનો દુખાવો, માનસિક રોગ, પિત્ત તેમજ અપચા જેવી તકલીફો ઉભી થાય છે જે લાંબે ગાળે ગંભીર બિમારી આપે છે. મંગળ ઓપરેશન અને અકસ્માતનો કારક હોવાથી હોસ્પિટલનો યોગ બનાવતો હોય છે. આ જ કારણોસર મંગળનું ચોઘડિયું પણ રોગ છે. ૬ ઠે મંગળ સરળતાથી લોન-ઋણ અપાવે છે.

કુંડળીમાં ૪થા સ્થાન પરથી મકાન-જમીન સુખ જોવાય છે, જેનો કારક ગ્રહ મંગળ છે. મંગળનો ૪થો અને ૧૧ મો ભાવ શુભ સંબંધિત થાય તો મકાન સુખ આપે છે.

કુંડળીમાં ૮ મે બેઠેલ ગ્રહો મુજબ આકસ્મિક મૃત્યુની સંભાવના રહેતી હોય છે. અહીં મંગળ બેઠો હોય તો અકસ્માતનો ભય રહેતો હોય છે. જો મંગળ પર શુભ ગ્રહની દ્રષ્ટિ તેમજ નિર્બળ મંગળ હોય અથવા મંગળ કે અષ્ટમેશની દશા જતી રહી હોય તો આ આકસ્મિક મૃત્યુ ભય કે યોગ બનતો નથી હોતો.

૧૦ મે, ૬ ઠે કે ૭ મે મંગળનો સંબંધ જાતકને આર્મી, સૈનિક, પોલીસ ખાતામાં, ડોક્ટર, સર્જન એન્જીનીયર, મિકેનીકલ, કેમીકલ્સ, જ્વલનશીલ રસાયણો, અગ્નિશમન, જમીનની ખાણ, ખનીજ તત્વ, કન્સ્ટ્રક્શન, રમત ગમત, નર્સીંગ, ઈન્ફરમેશન ટેકનોલોજી જેવા વ્યવસાય કે નોકરીમાં કાર્યરત કરતો હોય છે.

લગ્ન મેળાપક કરતી વખતે જો જાતકની કુંડળીમાં ૧ લે, ૪ થે, ૮મે, ૭ મે કે ૧૨ મે મંગળ બેઠો હોય તો જાતકની કુંડળી મંગળ દોષ વાળી એટલે કે માંગલિક માનવામાં આવે છે. મંગળ દોષને કારણે જાતકના લગ્ન મોડા થાય અથવા ન થાય અને જો લગ્ન વહેલા થયા હોય તો છૂટાછેડા થાય અથવા જાતક કાં તો સામેના પાત્રનું મૃત્યુ વહેલું થતું હોય એવું માનવામાં આવે છે. જેને કારણે વૈવાહિક જીવન સુખ છીનવાઈ જતું હોય છે. આથી લગ્ન પહેલા કુંડળીઓ મેળવી મંગળ દોષ છે કે નહી તે જોવાય છે.

આગળ મેં જણાવ્યું તે પ્રમાણે અહીં મંગળની દ્રષ્ટિનો પ્રભાવ વૈવાહિક જીવન સુખમાં બાધા ઉભી કરે છે. ૧ લે મંગળ હોય તો ૭ મી દ્રષ્ટિ ૭ માં લગ્ન જીવન ભાવ પર પડે છે, તેવી જ રીતે ૪ થે થી ૪ થી દ્રષ્ટિ ૭ મે, ૭ મે થી ૭ મી દ્રષ્ટિ ૧ લે, ૧૨ મે થી ૮ મી દ્રષ્ટિ ૭ મે પડતી હોય છે જ્યારે ૮ મે જાતકનું આકસ્મિક મૃત્યુ જોવાય છે. જેને કારણે જો કુંડળીમાં ૧ લે, ૪ થે, ૭ મે, ૮ મે કે ૧૨ મે મંગળ હોય તો અશુભ ફળ મળવાની શક્યતાને કારણે મંગળ દોષ ગણવામાં આવે છે.

સ્ત્રી જાતકની કુંડળીમાં મંગળ દોષ ઘાટડીએ મંગળ અને પુરૂષ જાતકની કુંડળીમાં મંગળ દોષ પાઘડીએ મંગળ તેમ કહેવામાં આવે છે.

જો જાતકની કુંડળીમાં મંગળ દોષ હોય તો શું કરવું જોઈએ જેથી તેનું વૈવાહિક જીવન સારા પાત્રની સાથે સુખમય પસાર થાય.

અહીં મંગળ કામુકતા અને આક્રમકતાનો કારક બનતો હોવાથી જો જાતકની કુંડળીમાં મંગળ દોષ હોય તો સામેવાળું પાત્ર પણ મંગળ દોષવાળું જ હોવું સલાહ ભર્યું છે. જેથી બન્ને પાત્રો એકમેકરૂપ થઈ સમજદારીપૂર્વક એકબીજાના સંતોષ પ્રાપ્તિમાં મદદરૂપ થઈ સંબંધો સાચવી લેશે. જો સામેના પાત્રની કુંડળી મંગળદોષવાળી ન હોય તો મંગળ સામે કુંડળીમાં શનિ જોવાય છે જે મંગળ દોષનો નાશ કરે છે. આ પરિસ્થિતિમાં એક આક્રમક તો બીજો ધીરજ ધરતો હોવાથી સંબંધો ટકી રહે છે.

આ ઉપરાંત ૧ લે, મેષનો, ૪ થે વૃશ્ચિકનો, ૭ મે મકર કે મીનનો, ૮ મે કર્કનો અથવા ૧૨ મે ધનુનો મંગળ હોય તો મંગળ દોષ માનવામાં આવતો નથી.

મંગળ સાથે ચંદ્ર ગુરૂની યુતિ દ્રષ્ટિ અથવા જળ તત્વની રાશિમાં રહેલો મંગળ સૌમ્ય બનતો હોવાથી ઘણા વિદ્વાનો મંગળ દોષ માનતા નથી.

મંગળ દ્વારા કુંડળીમાં ઘણા યોગો બનતા હોય છે જેમાંથી મુખ્યત્વે નીચેના ખૂબ જ જાણીતા અને અકરકારક છે :

- રૂચક યોગ   કેન્દ્રમાં મંગળ સ્વગૃહી રાશિ સ્થિત
- ચંદ્ર-મંગળ યુતિ   લક્ષ્મી યોગ - શુભ - ધન લાભ
- સૂર્ય-મંગળ યુતિ   અંગારક યોગ - અશુભ - કષ્ટદાયક
- બુધ-મંગળ યુતિ   વાચાળ યોગ - કપટી યોગ - સામાન્ય
- ગુરૂ-મંગળ યુતિ   જ્ઞાની યોગ - જ્ઞાનનો વિસ્તાર - શુભ
- શુક્ર-મંગળ યુતિ   ભોગવિલાસી યોગ - કામી યોગ
- શનિ-મંગળ યુતિ   શ્રાપિત દોષ - અશુભ
- રાહુ-મંગળ યુતિ   વ્યાભિચારી યોગ - અશુભ
- કેતુ-મંગળ યુતિ   અંગારક યોગ જેવું ફળ

**મંગળ શાંતિ ઉપાય :**

- મંગળનો નંગ પરવાળુ (Coral) લાલ અથવા સિંદુરી રંગનો સોનામાં અથવા તાંબામાં (જયોતિષીની સલાહ વગર પહેરવો નહી) - અશુભ મંગળ કુંડળીમાં વિપરીત ફળ આપે.)
- **મંગળના જાપ -**

  મંત્ર - ॥ ૐ અં અંગારકાય નમ: ॥ ॥ ૐ મંગલાય નમ: ॥  ૐ ગં ગણપતયે નમ: ॥
- મંગળનું દાન - સોનુ, તાંબુ, પરવાળુ, મસૂર, ઘઉં, ગોળ, શેરડી, લાલ-રાતું વસ્ત્ર, ફળ, ફૂલ
- દાન સમય - સૂર્યોદય પછી એક કલાક બાદ.

સૌને મંગળનું શુભ ફળ મળે એ જ પ્રભુને પ્રાર્થના.

॥ હરિ ૐ ॥

**- હિરેન ભાવસાર**

# જ્યોતિષ અને વિજ્ઞાન

